# પી.જી.વી.સી.એલ એ "બેસ્ટ ડીસ્ટ્રીબ્યુશન કંપની" માટેનો આઇ.પી.પી.એ.આઇ. પાવર એવોર્ડ-૨૦૧૪ મેળવ્યો



શ્રી સંદીપ કુમાર, મેનેજીંગ ડીરેકટર પીજીવીસીએલ (ડાબેથી દ્વિતિય આગળ ઉભા) સાથે શ્રી કે.એમ.ભુવા, ચીફ ઇજનેર(ટેક) (ડાબેથી પ્રથમ આગળ ઉભા) ને ગોવા ખાતે, ૨જી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ વિદ્યુત મંત્રાલય, કોયલા મંત્રાલય અને નવિન અને નવિનીકરણીય ઉર્જા મંત્રાલયના સમર્થનપ્રાપ્ત ૧૫મી રેગ્યુલેટર્સ અને પોલીસી મેકરની રીટ્રીટમાં "બેસ્ટ ડીસ્ટ્રીબ્યુશન કંપની"નો આઇ.પી.પી.એ.આઇ. પાવર એવોર્ડ-૨૦૧૪ ડો. પ્રમોદ દેવ, ભૂતપૂર્વ અધ્યક્ષ સી.ઇ.આર.સી.ના (ડાબેથી તૃતિય આગળ ઉભા) વરદ હસ્તે એનાયત થયો.



ગોવા ખાતે તા. ૨ જી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ વિદ્યુત મંત્રાલય, કોયલા મંત્રાલય અને નવિન અને નવિનીકરણીય ઉર્જા મંત્રાલયના સમર્થનપ્રાપ્ત ૧૫મી રેગ્યુલેટરસ અને પોલીસી મેકરની રીટ્રીટમાં ઇન્ડીપેન્ડન્ટ પાવર પ્રોડયુસર એસોસીએશન ઓફ ઇન્ડીયા (IPPAI) દ્વારા રાજય સરકાર હસ્તકની પશ્ચિમ ગુજરાત વીજ કંપની (PGVCL) ને "બેસ્ટ ડીસ્ટ્રીબ્યુશન કંપની" તરીકે જાહેર કરવામાં આવી છે. આ એવોર્ડ નક્કી કરનાર જયુરી સભ્યો તરીકે પ્રોફેસર શ્રી એસ.એલ. રાવ, ભૂતપૂર્વ ચેરમેન, સી.ઇ.આર.સી, શ્રી અનિલ રાઝદાન, ભૂતપૂર્વ સચિવ, ઉર્જા મંત્રાલય, શ્રી વી.પી.રાજા, ભૂતપૂર્વ ચેરમેન, એમ.ઇ.આર.સી., ડો. વી.કે.ગર્ગ, ભૂતપૂર્વ ચેરમેન, જે.ઇ.આર.સી.-ગોવા અને યુનિયન ટેરીટરીઝ, શ્રી વી. સુબ્રમણિયમ, ભૂતપૂર્વ સચિવ, એમ.એન.આર.ઇ., શ્રી જી. પાર્થસારથી, ભૂતપૂર્વ ભારતના હાઇ કમિશ્નર તરીકે પાકિસ્તાન, ઓસ્ટ્રેલિય અને સાયપ્રસ ખાતે રહેલ દ્વારા એવોર્ડ પસંદગી કરવામાં આવેલ.

પીજીવીસીએલને આ પ્રતિષ્ઠિત IPPAI - પાવર એવોર્ડ-૨૦૧૪ વીજ વિતરણ ક્ષેત્રે કામગીરીના વિવિધ માપદંડો જેવા કે વીજખાધમાં ઘટાડો, આવકમાં વધારો, ફીડર અને ગ્રાહકોની મીટરીંગ પ્રણાલી, સાતત્યસભર વીજ પુરવઠો, પાવરની મહતમ માંગ દરમ્યાન લોડશેડીંગ વગર વીજપુરવઠો પૂરો પાડવો, ગ્રાહકોની જાગૃતિ માટેના અભિયાન, ઓપન એકસેસ, માળખાકીય સુવિધામાં વધારો, નવા વીજકનેકશન આપવા, પાવર સપ્લાયના નેટવર્કમાં સુધારણા ખાસ કરીને દરિયાકિનારાના વિસ્તારોમાં વીજપરિપથની સુધારણા કરવી, બેટ-દ્વારકા ટાપુને મરીન કેબલથી વીજપુરવઠો પૂરો પાડવો, ઉર્જાસંરક્ષણ, રીએકટીવ પાવર મેનેજમેન્ટ, આઇ.ટી. ક્ષેત્રે લીધેલી પહેલ જેવી કે ઓફિસમાં નવા કોમ્પ્યુટર સોફટવેર વિકસીત કરીને તેનો અમલ કરવો, ગ્રાહકસેવાને સુધારવા નવી પહેલ અને રેકોર્ડ આધુનિકીકરણ દ્વારા ઓફિસની વ્યવસ્થા સુદૃઢ કરવા જેવી બાબતોમાં સારી કામગીરી બદલ એનાયત કરવામાં આવેલ છે.

આ તબક્કે ઉલ્લેખ કરવો જરૂરી છે કે પીજીવીસીએલ દ્વારા જયોતિગ્રામ યોજના હેઠળ ૧૧૩૨ ફીડરો દ્વારા ગામડાને સીધો ૨૪ કલાક થ્રીફેઇઝ વીજપુરવઠો આપવામાં આવે છે અને ૨૫૭૩ ખેતીવાડી ફીડરો દ્વારા અલગથી ખેતી માટે વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે.

કંપનીએ ગ્રાહક સેવા કેન્દ્ર, એ.ટી.પી. મશીન, ઇ-પેમેન્ટ, ઇ.સી.એસ. સુવિધા અને ગ્રાહકો માટે વેબસાઇટ ઉપર કસ્ટમર પોર્ટલ જેવી ગ્રાહલલક્ષી સુવિધારો ઉભી કરી છે. કંપનીના ૩૬ શહેરોમાં આર.એ.પી.ડી.આર.પી. યોજના હેઠળ સુધારણા લાવવા માટેની કામગીરી ચાલુ છે. ગુણવતા સુધારણા અંતર્ગત કંપની દ્વારા ISO:9001 અને મીટર લેબોરેટરી માટે NABL માન્યતા મેળવેલ છે. તથા ૧૧ કેવી સીટીપીટી ટેસ્ટીંગની નવી લેબોરેટરી ઉભી કરવામાં આવી છે. ગ્રાહકોને વિવિધ યોજનાથી માહિતગાર કરવા તેમજ અકસ્માતથી બચવા અને ઉર્જા સંરક્ષણ જેવી બાબતો અંગેની જાગૃતિ માટે ગ્રામસભાઓ અને ખેડૂતશિબીરો કરવાની કામગીરી અમલમાં મૂકવામાં આવી છે.

કંપનીએ વર્ષ (૨૦૧૩-૧૪) દરમ્યાન ૭% વીજખાધ ઘટાડી છે જે માર્ચ-૨૦૧૪ ના અંતે ૨૦.૫૫% છે. કંપનીએ ૨૩૧ ખેતીવાડી ફીડરોને HVDS માં રૂપાંતરીત કરેલ છે અને ગત વર્ષે ૬૨૪૯૭ નવા ટ્રાન્સફોર્મર ઉભા કર્યા છે. જે હાલ કુલ ૪ લાખ છે. તદઉપરાંત ૩૭૩ નવા ફીડરો ઉભા કર્યા છે તેની કુલ સંખ્યા હાલ ૫૦૨૩ ની છે. કંપનીની ચાર બેસ્ટ પ્રેકટીસ ઇન્ડીયા યુટીલીટી નોલેજ અને નેટવર્કીંગની બુકલેટમાં પ્રકાશીત થઇ છે.

પીજીવીસીએલના મેનેજીંગ ડીરેકટર શ્રી સંદીપ કુમારે કહ્યુ હતુ કે આ એવોર્ડ એ પીજીવીસીએલની ટીમ દ્વારા ખંત, લગન અને સખત પરિશ્રમ દ્વારા મેળવેલી સિદ્ધિ છે. અને IPPAI દ્વારા આપવામાં આવેલ આ બેસ્ટ ડીસ્ટ્રીબ્યુશન કંપની તરીકેના એવોર્ડ માટે તમામ સ્ટાફને અને સંલગ્ન મંડળ અને કંપનીને અભિનંદન પાઠવેલ છે.